રજુ તારીખ : ૧૯/૧૨/૨૦૨૪

નોંધ્યા તારીખ : ૧૯/૧૨/૨૦૨૪

ફેંસલ તારીખ : ૧૮/૦૬/૨૦૨૬

---

**ઝઘડીયાના મહે. એડીશનલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. ઝઘડીયા**

---

**ક્રિમીનલ કેસ નં. જપ૬૩/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી :–** અનિલ શિવમુરત બદનાથ યાદવ,
રહે. ગોવાલી,તા.ઝઘડીયા,જી.ભરૂચ.

**આરોપ :–** **બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧), ૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૭(R/W),૧૩૪ મુજબ.**

---

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા**
**આરોપી તરફે વિ.વકીલ શ્રી એ.કે.ચૌહાણ**

---

**–: ચુકાદો :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના હાઈવા ડમ્ફર નં. એન.એલ.૦૬.એ.૬૪૩૬ ના ચાલકે પોતાના કબજાનો હાઈવા ડમ્ફર રીવર્સમા બેદરકારી ભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી ભગાભાઈ ઠાકોરભાઈ નાઓને પાછળથી ટકકર મારી બંને પગના જાંઘો ઉપર ટાયરો ચઢાવી દઈ બંને પગ જાંઘમાથી છુંદી નાખી ગંભીર ઈજા કરતા સારવાર માટે ભરૂચ સીવીલ હોસ્પીટલમા લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મરણ જાહેર કરતા ફરીયાદીના પિતાનુ

મોત નિપજાવી પોતાનો હાઈવા ડમ્ફર જગ્યા ઉપર મુકી નાશી જઈ,બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧), ૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૭(R/W), ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલો જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપી સામે સમન્સ કરતાં, આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી,આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી તેઓનુ નિવેદન નોંધવામાં આવતાં, તેઓએ તેમની સામેનાં આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| અ.નં. | આંક | વિ ગ ત |
|---|---|---|
| ૧. | ૪ | ફરીયાદી દિલીપભાઈ ભગાભાઈ |
| ૨. | ૬ | પંચ સાહેદ રાજેશભાઈ જેરામભાઈ |
| ૩. | ૮ | પંચ સાહેદ કમલેશભાઈ મણીલાલ |
| ૪. | ૧૧ | સાહેદ રેણુકાબેન દિલીપભાઈ |
| ૫. | ૧૨ | સાહેદ આદિત્યકુમાર દિલીપભાઈ |
| ૬. | ૧૫ | સાહેદ લક્ષ્મીબેન કમલેશભાઈ |
| ૭ | ૧૭ | ત.ક.અ સોમાભાઈ હાથીભાઈ |

**:–<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| અ.નં. | આંક | વિ ગ ત |
|---|---|---|
| ૧. | ૫ | ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨. | ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩. | ૧૩ | મરણોત્તર પંચનામું |
| ૪. | ૧૪ | પી.એમ રીપોર્ટ |
| ૫. | ૧૮ | તપાસ યાદી |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીએ પુરાવા પુરો કરવા મૌખિત વિનંતી કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ થયાનું જણાવે છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) સદરહું કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :–

મુદ્દા.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના હાઈવા ડમ્ફર નં. એન.એલ.૦૬.એ.૬૪૩૬ ના ચાલકે પોતાના કબજાનો હાઈવા ડમ્ફર રીવર્સમા બેદરકારી ભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી ભગાભાઈ ઠાકોરભાઈ નાઓને પાછળથી ટકકર મારી બંને પગના જાંધો ઉપર ટાયરો ચઢાવી દઈ બંને પગ જાંધમાથી છુંદી નાખી ગંભીર ઈજા કરતા સારવાર માટે ભરૂચ સીવીલ હોસ્પીટલમા લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મરણ જાહેર કરતા ફરીયાદીના પિતાનુ મોત નિપજાવી પોતાનો હાઈવા ડમ્ફર જગ્યા ઉપર મુકી નાશી જઈ,બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧),૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૭(R/W),૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા. ૨. શું હુકમ ?

(૬) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં,

મુદ્દા.ર. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**મુદ્દા.નં.૧ અને ર :-**

(૭) ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂધ્ધ મુખ્યત્વે ભારતીય દંડ સંહિતાની કલમ બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧), ૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૮૭(R/W),૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ હોઈ સદરહું હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપીએ પોતાના કબજાનો હાઈવા ડમ્ફર રીવર્સમા બેદરકારી ભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી ભગાભાઈ ઠાકોરભાઈ નાઓને પાછળથી ટકકર મારી બંને પગના જાંધો ઉપર ટાયરો ચઢાવી દઈ બંને પગ જાંઘમાથી છુંદી નાખી ગંભીર ઈજા કરતા સારવાર માટે ભરૂચ સીવીલ હોસ્પીટલમા લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મરણ જાહેર કરતા ફરીયાદીના પિતાનુ મોત નિપજાવી પોતાનો હાઈવા ડમ્ફર જગ્યા ઉપર મુકી નાશી જઈ અકસ્માત કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે એટલ ે કે ઈજાના તત્કાળ કારણ તરીકે આરોપીનું બેદરકારીપુર્વકનું કૃત્ય હોવું આવશ્યક છે.

**પુરાવાનું મુલ્યાંકન**

(૮) ફરીયાદપક્ષે આરોપી સામે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧), ૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૮૭(R/W),૧૩૪ મુજબનું તહોમત મુકેલ છે. આમ ફરીયાદપક્ષે પુરાવાથી આરોપી સામેનું તહોમત પુરવાર કરવુ પડે. ફરીયાદપક્ષના પુરાવાનું વિશ્લેષણકરીએ તો, ફરીયાદપક્ષે પોતાના

કેસના સમર્થનમાં આંક–૭ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી આકં–૬ થી પંચ સાહેદ રાજેશભાઈ જેરામભાઈ તથા આંક–૮ થી પંચ સાહેદ કમલેશભાઈ મણીલાલ નાઓને તપાસવામા આવેલા છે. સદરહુ બંને પંચ સાહેદોએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ હકીકતો જોતા તેઓએ પંચનામુ કરેલ હોવાની હકીકતને તો સમર્થન આપેલ છે. પરંતુ તેઓની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ જોતા તેમા તેઓએ અકસ્માત થયો ત્યારે તેઓ તેઓના ઘરે હતા તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદરહુ બંને પંચ સાહેદોએ કહેવાતો અકસ્માત નજરે જોયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા સદરહુ બંને પંચ સાહેદોએ તેઓની ઉલટતપાસમા બનાવના બે દિવસ બાદ પંચનામુ કરવામા આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, પંચ સાહેદોએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોવાની હકીકત તો અત્રે જણાઈ આવે છે. પરંતુ ગુનાવાળી જગ્યા ઓળખી બતાવેલ હોવા માત્રથી કહેવાતા અકસ્માતમા આ કામના આરોપીની કોઈ ભુમિકા કે સંડોવણી હોય તે મુજબની કોઈ જ હકીકત સ્પષ્ટ અને યોગ્ય પુરાવાના અભાવે પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી. આરોપી વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર પ્રસ્તુત અન્ય પુરાવાઓની પણ ચર્ચા કરવી આવશ્યક જણાઈ આવે છે. જે સંદર્ભે ફરીયાદપક્ષ તરફે આંક–૪ થી ફરીયાદી દિલીપભાઈ ભગાભાઈ, આંક–૧૧ થી સાહેદ રેણુકાબેન દિલીપભાઈ, આંક–૧૨ થી સહેદ આદિત્યકુમાર દિલીપભાઈ, આંક–૧૫ થી સાહેદ લક્ષ્મીબેન કમલેશભાઈ નાઓને તપાસવામા આવેલા છે. સદરહુ તમામ સાહેદોની કોર્ટ સમક્ષની જુબાની એક લક્ષમા રાખીને જોવામા આવે તો તેઓએ કહેવાતા અકસ્માતમા ભગાભાઈ ઠાકોરભાઈના બંને પગ આખા છુંદાઈ ગયેલ હોવાથી તેઓનુ મરણ ગયેલ હોવાની હકીકતને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. આમ, સદરહુ સાહેદોના પુરાવાથી મરણ જનાર ભગાભાઈ ઠાકોરભાઈને અકસ્માતમા ગંભીર ઈજા થવાના કારણે મરણ ગયેલ હોવાની હકીકત તો જણાઈ આવે છે. વધુમા સદરહુ તમામ સાહેદોએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા મુખ્યત્વે અકસ્માત

હાઈવા ટ્રકની ભુલના કારણે બનેલ તેમજ હાઈવા ટ્રકનો ડ્રાયવર બેદરકારીથી ચલાવતો હોવાના કારણે બનેલ તેમજ ડ્રાયવર હાઈવા છોડીને ભાગી ગયેલ હોય તેઓએ જે તે સમયે તેને જોયેલ ન હોવાથી ઓળખી શકે નહી તેવી હકીકત જણાવવાનો પ્રયત્ન કરેલ છે. આમ, ફરીયાદી સહીત તપાસવામા આવેલ અન્ય તમામ સાહેદોએ કહેવાતા અકસ્માતમા અકસ્માત કરનાર વાહન ચાલકની બેદરકારીના કારણે અકસ્માત બનેલ હોવાની હકીકતને તો સમર્થન આપેલ છે. પરંતુ અકસ્માતવાળુ વાહન હાલના આરોપી જ ચલાવતા હતા કે કેમ તે મુજબની કોઈ જ સ્પષ્ટ અને સચોટ હકીકત તેઓના પુરાવાથી બહાર આવતી જણાઈ આવતી નથી. વધુમા ફરીયાદી સહીત તપાસવામા આવેલ અન્ય તમામ સાહેદોની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાનપૂર્વક જોવામા આવે તો તેઓ બનાવ વખતે બનાવ સ્થળે ઉપસ્થિત ન હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, સદરહુ તમામ સાહેદોએ કહેવાતો અકસ્માતવાળો બનાવ નજરે જોયેલ નથી. પરંતુ તેઓને કહેવાતા બનાવની જાણ ફોન દ્વારા અથવા તો અન્યત્ર રીતે થયેલ હોવાનુ જણાઈ આવે છે. આમ, ઉપરોકત હકીકત પરથી સદરહુ તમામ સાહેદો એ માત્ર હિયર–સે સાહેદ હોવાનુ જણાઈ આવે છે. જેથી માત્ર તેઓના મૌખિક કથનો ઉપર આધાર રાખીને આરોપી વિરૂધ્ધનુ આક્ષેપ પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી.આમ, સદરહુ સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોવાથી તેઓના પુરાવાની વિશ્વસનીયતા ઉપર આધાર રાખી શકાય નહી. આમ, ઉપરોકત તમામ સાહેદોના પુરાવાથી કોઈપણ સાહેદે આ કામના આરોપીની સ્પષ્ટપણે ઓળખ પરેડ કરી બતાવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી સદરહુ સાહેદોના પુરાવાના આધારે આ કામના આરોપીની વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી.

(૮.૧) ત્યારબાદ સદર કામે આંક–૧૭ થી તપાસવામા આવેલ ત.ક.અ ની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા બનાવવાળી જગ્યાની આસપાસ દુકાનો અને શોપીંગ સેન્ટર આવેલા છે તેમજ બનાવ ગોવાલી ગામ પ્રમુખ એવન્યુ શોપિંગ સેન્ટરની સામે બનેલ અને બનાવવાળી જગ્યાએ ઘણા વાહનો

અને માણસોની અવરજવર રહે છે તેમજ તેઓની તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનોમા આરોપીનુ નામ ખુલેલ નથી તેમજ સદર કામે વાહનના માલિકનો કોઈ જવાબ લેવામા આવેલ નથી તેમજ સદર કામે આરોપીની ઓળખ પરેડ કરાવવામા આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાની આસપાસ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, જો બનાવવાળી જગ્યા એ માણસોની અવરજવર રહેતી હોય અને ત્યા અન્ય દુકાનો આવેલ હોય તો તે સ્થળેથી કોઈક વ્યકિતએ તો આ કામના આરોપીને પોતાના કબજાવાળુ વાહન બેદરકારીપૂર્વક ચલાવી ઈજા પામનાર  સાથે અકસ્માત કરતા જોયેલ હોય. પરંતુ તપાસ કરનાર અમલદાર ધ્વારા બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકવાની સંભાવનાઓ હોવા છતા તેવા કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી તે હકીકત ફરીયાદપક્ષ સમક્ષ શંકા ઉપસ્થિતિ કરવાની સાથે ત.ક.અ ની તપાસ પર પણ શંકા ઉપસ્થિત કરે છે. વધુમા આ કામના આરોપી અકસ્માત સમયે પોતાના કબજાવાળુ વાહન સામાન્ય ડ્રાયવિંગના નિયમોથી વધુ ગતિએ ચલાવતા હોય તે મુજબની હકીકત ફરીયાદપક્ષ કોર્ટ સમક્ષ યોગ્ય અને સચોટ પુરાવાના આધારે પુરવાર કરી શકેલ નથી. વધુમા ત.ક.અ ની ઉલટતપાસ જોતા આ કામના આરોપીની ઓળખ પરેડ સંબંધી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામા આવેલ હોય કે અન્ય કોઈ સાહેદોએ આરોપીની ઓળખ પરેડ કરી બતાવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. વધુમા જે વાહન ધ્વારા અકસ્માત થયેલ છે તે વાહનના માલિકી અંગેના પણ કોઈ જ આધારભુત પુરાવાઓ હાલના કામે રજુ કરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, ત.ક.અ નો સમગ્ર પુરાવો જોતા આરોપીની ઓળખ પરેડ સંબંધી કોઈ યોગ્ય કાર્યવાહી તેમના ધ્વારા કરવામા આવેલ નથી તેમજ બનાવ સ્થળેથી સ્પષ્ટપણે સ્વતંત્ર અને બનાવને નજરે જોનાર સાક્ષીઓ મળી શકવાની પુર્ણ સંભાવનાઓ હોવા છતા તેવા કોઈ સાહેદોને તપાસવામા આવેલા નથી કે તેઓના કોઈ નિવેદનો લેવામા આવેલા નથી અને કયા કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો

ત.ક.અ ધ્વારા કરવામા આવેલ નથી તેમજ ત.ક.અ ની તપાસ દરમ્યાન પણ આ કામના આરોપીની ઓળખ સંબંધી કોઈ હકીકત બહાર આવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.

(૯) આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પ્રસ્તુત થયેલ છે તે આરોપી વિરૂધ્ધનુ તહોમત શંકાથી પર પુરવાર કરવા માટે પર્યાપ્ત જણાઈ આવતા નથી. આરોપી વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ, સુદઢ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્ય છે પરંતુ ફરીયાદપક્ષ તેવા કોઈ સબળ,સચોટ અને સુદઢ પુરાવાઓ રજુ કરી શકેલ નથી. વધુમા રેકર્ડ ઉપરના પુરાવાથી જે જગ્યાએ અકસ્માત થયેલ તે જગ્યાએથી અન્ય નજરે જોનાર સ્વતંત્ર સાહેદો મળી શકવાની શકયતાઓને પણ નકારી શકાય તેમ નથી. વધુમા રેકર્ડ ઉપરના પુરાવાથી બનાવ સમયે વાહનની ગતિ સામાન્ય કરતા વધુ હતી તે સંદર્ભેનો પણ કોઈ સચોટ પુરાવા રજુ કરવામા આવેલ નથી. જેથી રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ સમગ્ર પુરાવાના આધારે કોઈપણ તબકકે સદર ગુનામા આરોપીની કોઈપણ પ્રકારની નિષ્કાળજી,બેદરાકારી હોવાની હકીકત માની શકાય નહી.

(૯.૧) આમ, ઉપરોકત તમામ પેરાઓમા ચર્ચા કરેલ કારણોથી સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતા હાલના કામે અકસ્માત સમયે આ કામના આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે કે બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવતા હતા અને તેઓએ ભગાભાઈ ઠાકોરભાઈના બંને પગના જાંઘો ઉપર ટાયરો ચઢાવી દઈ મરણ જનાર ભગાભાઈ ઠાકોરભાઈને ગંભીર ઈજાઓ થયેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી. વધુમા અકસ્માત સમયે અકસ્માતવાળા વાહનની ઝડપ કેટલી હતી તેવી કોઈ હકીકત પડેલ પુરાવા પરથી રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી કે અકસ્માત સમયે વાહન ચલાવનારની કંઈ બેદરકારી હતી કે જેના કારણે અકસ્માત બનવા પામેલ તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે સદર અકસ્માત સમયે આ

કામના આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય અને તેના કારણે હાલનો અકસ્માતનો બનાવ બનવા પામેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ ઉપરોકત પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) આમ, સદરહુ કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. તે પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ દવારા ગુનાહિત કૃત્ય માટે આ કામના આરોપી જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી અને સ્પષ્ટ પણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કુત સમાજમાં આરોપી સામેનું તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષનો કેસ સાચો છે અને સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે. શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય

અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામ જોવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી.

(૯.૩) ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતા આ કેસમા આરોપી સામે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧),૧૨૫(૨) વિ. મુજબના ગુનાનો આક્ષેપ છે. હવે, આ કામમા ઈ.પી.કો કલમ ૨૭૯ અંગે કાનુની પ્રસ્થાપિત સિધ્ધાંતોને લક્ષમા લઈએ તો, આ ગુનો પુરવાર કરવા માટે વ્યકિતની સાવધાની અને પુરતી સાવચેતીનો અભાવ હોવો તે મુખ્ય તત્વો છે. જે અકસ્માતમા પુરતી સાવચેતીનો અભાવ એટલે કે, અપેક્ષિત સાવચેતી રાખવામા ન આવે તે સિધ્ધાંત ઉપર બી.એન.એસ કલમ ૨૮૧ ની રચના કરવામા આવેલ છે. આવા ગુનામા એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામા આવે તે રીતે વર્તવાનુ તે વ્યકિત ચુકી જાય તો તે કૃત્ય બેદરકારીપૂર્વકનુ ગણાય. આ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપી પોતાના હવાલાવાળુ વાહન બેદરકારીપૂર્વક કે બેફામપણે ચલાવતા હોય તે હકીકત પુરવાર કરવાની હોય છે. આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીએ પોતાના કબજાના હાઈવા ડમ્ફર નં. એન.એલ.૦૬.એ.૬૪૩૬ રીવર્સમા બેદરકારી ભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી ભગાભાઈ ઠાકોરભાઈ નાઓને પાછળથી ટકકર મારી બંને પગના જાંઘો ઉપર ટાયરો ચઢાવી દઈ બંને પગ જાંઘમાથી છુંદી નાખી ગંભીર ઈજા કરી ફરીયાદીના પિતાનુ મોત નિપજાવી ગુનો કરેલ હોવાનુ રજુ થયેલ પુરાવા પરથી ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૯.૪)** વધુમા ફરીયાદપક્ષની એ ફરજ છે કે, તેણે તે સિવાય માનવાલાયક સબળ, સચોટ અને સ્વતંત્ર પુરાવો રજુ કરી આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવુ પડે. તેથી આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા અકસ્માત આ કામના આરોપીની બેદરકારીને કારણે બનવા પામેલ છે તેવુ એક પણ સાહેદોની જુબાનીથી શંકાથી પરે રહીને સ્પષ્ટ થઈ શકતુ નથી અને તેથી આ કામના આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના પિતાજી ભગાભાઈ ઠાકોરભાઈ નાઓને પાછળથી ટકકર મારી બંને પગના જાંધો ઉપર ટાયરો ચઢાવી દઈ બંને પગ જાંઘમાથી છુંદી નાખી ગંભીર ઈજા કરી ફરીયાદીના પિતાનુ મોત નિપજાવી ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપીને **બી.એન.એસ.એસની કલમ ૨૭૧(૧)** અન્વયે બી.એન.એસ કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૧), ૧૨૫(૨) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૮૭(R/W),૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન તથા જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૮–૦૬–૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**